**ફોજદારી.કેસ નં. <u>૫૫૨/૨૦૧૩</u>**

## <u>આંક – ૧ નીચે હુકમ</u>

(૧) ફરિયાદી તર્ફે આંક– <u>૬</u> ની પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરિયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરિયાદી/ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરે છે કે, આ કેસ આગળ ચલાવવા માગતા નથી કે કોઈ પુરાવો આપવા માંગતા નથી અને તેઓ સદર કેસ આગળ ચલાવવો નથી. તેઓને સદર પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય અથવા બજેલ હોય અને હાજર થયેલ ન હોય અને રજૂ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ આરોપી વિરૂઘ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ અદાલતના ઘ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ.લો જ.૯૨૮

૨. યેસુદાસ અને અધર્સ વિ.પી.એસ.આઈ.કલ્લાસમેસરી એન્ડ અધર્સ.૨૦૦૮ ક્રિ.લો.જ.૧૨૯૦

(૩) સદર ઓથોરીટીમાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ નો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે, દ્દિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦ (૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાના કોલમ નં.૩માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરિયાદી / ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહિ.

(ડી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ઘ્યાને લેતાં અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહિ.

(ઈ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુનાનું સંજ્ઞાન લેતાં તે પહેલાં ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઉપરોકત ઠરાવેલા ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ. પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજિયાત નથી તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરિયાદીની હકીકતને ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકસાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રાખવામાં આવશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરિયાદી / ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાંણા વેડફવા બરાબર થશે. માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**—:: <u>હુ ક મ</u> ::—**

૧. આરોપીને / અરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે તેમની સામે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો.કલમ—૩૭૯ ગુનાના તહોમતનામાંથી નિર્દાષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે/ મુદ્દામાલ અપીલ સમય બાદ માલિકી હકકની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

હુકમ આજરોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :— અમદાવાદ**
**તા. ૨૬/૦૬/૨૦૨૨**

**( કુ.એસ.પી.પટેલ )**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૦, અમદાવાદ.
**કોડ નં.જીજે૦૧૧૨૩**